# બનાસકાંઠા જીલ્લા પોલીસ દ્વારા કરેલ સારી કામગીરી (તા. ૨૭/૦૪/૨૦૨૦ થી તા.૦૩/૦૫/૨૦૨૦ સુધી)

(૧)

તા- ૨૮/૦૪/૨૦૨૦ ના ક- ૧૧/૩૦ વાગે મોજે સામઢી, દોલાણી પાર્ટી ગામે આ કામના તહોદાર સોલંકી (દરબાર) અજીતસિંહ બલુજી દાનાજી રહે.સામઢી, દોલાણી પાટી તા.પાલનપુર જી.બી.કે.વાળા પોતાના કબ્જા ભોગવટાના વીડવાળા આંટા પાસે આવેલ રહેણાંક ઘરની પાસે આવેલ ખેતરના ખુણામાં આવેલ ઇંટોની ચણેલ ખુલ્લી ઓરડીમા ગે.કા.વગર પાસ પરમીટનો દેશીદારૂ ગાળવાનો વોશ પ્લાસ્ટીકના ટાંકાઓ નંગ-૯ માં કુલ વોશ લીટર ૮૦૦૦ કુલ કિ.રૂ.૧૬૦૦૦/- નો રાખી તેમજ દેશીદારૂ ગાળવાનો સામાન પતરાના ખાલી પીપ નંગ-૨ કિ.રૂ.૧૦૦/- તથા એલ્યુમીનીયમના દેગડા નંગ -૨ કિ.રૂ.૨૦૦/- મળી કુલ કિ.રૂ.૧૬૩૦૦/-નો મુદ્દામાલ રાખી રેઇડ દરમ્યાન હાજર મળી આવી ગુનો કરેલ હોઇ ગઢ પો.સ્ટે.ગુ.ર.નં-૧૧૧૯૫૦૨૪૨૦૦૧૯૦/૨૦૨૦ પ્રોહી ક-૬૫ એફ મુજબ નો ગુનો દાખલ કરી સારી કામગીરી કરવામાં આવેલ છે.

(૨)

તા.૦૨/૦૫/૨૦૨૦ ક.૧૮/૧૫ વાગે મોજે ધનાસરી વિસ્તાર આવેલ ચકુભાના ઘરની સામે રોડ પાસે ખુલ્લી ઝાડીમાં ગામે આ કામના તહોદારો (૧) અંકુરભાઇ કાંતિભાઇ રાઠોડ ઉ.વ ૩૬ ધંધો પ્રા.નોકરી રહે.ભાગવત સોસાયટી તાણા તા.કાંકરેજ (૨) ટીનુભા ઉર્ફે કૃષ્ણસિંહ ધીરુભા વાઘેલા ઉ.વ ૩૬ ધંધો ખેતી રહે.ધનાસરી થરા તા.કાંકરેજ (૩) બળદેવસિંહ ઉર્ફે મોન્ટુભા ખાનુભા વાઘેલા ઉ.વ ૨૧ ધંધો ખેતી રહે.ધનાસરી થરા તા.કાંકરેજ (૪) હિતેન્દ્રભાઇ કિર્તીભાઇ મોચી ઉ.વ ૨૪ ધંધો દરજીકામ રહે.જૈન શેરી થરા તા.કાંકરેજ ખુલ્લી જગ્યામાં ગે.કા અને વગર પાસ પરમીટે જાહેરમાં ગંજીપાના વડે હારજીત તીનપત્તીનો પૈસા પાનાનો જુગાર રમી રમાડી ગંજીપાના નંગ-૫૨ કિ.રૂા.૦૦/૦૦ તથા રોકડ રકમ રૂા.૨૫૨૦૦/- મળી કૂલ મુદ્દામાલ કિ.રૂા.૨૫૨૦૦/- સાથે પકડાઇ જઇગુનો કરેલ હોઇ થરા પો.સ્ટે.પાર્ટ-બી ગુ.ર.નં.૧૧૧૯૫૦૫૧૨૦૦૨૬૧/૨૦૨૦ જુગાર ધારા ક.૧૨ a મુજબ નો ગુનો દાખલ કરી સારી કામગીરી કરવામાં આવેલ છે.